Saturday
22.11.2025
✻Volume :10 ✻ Issue No.134
✻Email.:kamalamgujarat@gmail.com
✻www.kamalamgujarat.com
✻Editor:Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM Daily

✻Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✻Page :04✻Rs. 00.25/- ✻Annual Rs. 90/-


# પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તમિલનાડુના કોઈમ્બતુરમાં સાઉથ ઈન્ડિયા નેચરલ ફાર્મિંગ સમિટ ૨૦૨૫માં ખેડૂતો સાથે વાર્તાલાપ કર્યો

## ચોખાના ક્ષેત્રમાં તમિલનાડુનું કાર્ય વિશ્વભરમાં અજોડ છેઃ પ્રધાનમંત્રી

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ તમિલનાડુના કોઈમ્બતુરમાં સાઉથ ઈન્ડિયા નેચરલ ફાર્મિંગ સમિટ ૨૦૨૫માં ખેડૂતો સાથે વાતચીત કરી. નેચરલ ફાર્મિંગમાં જોડાયેલા ખેડૂતોને શુભેચ્છા પાઠવતા શ્રી મોદીએ કેળાના ઉત્પાદનનું અવલોકન કર્યું અને કેળાના કચરાનો ઉપયોગ કરવા વિશે પૂછપરછ કરી. ખેડૂતે સમજાવ્યું કે બતાવેલા બધા ઉત્પાદનો કેળાના કચરામાંથી બનાવેલા મૂલ્યવર્ધિત ઉત્પાદનો છે. પ્રધાનમંત્રીએ પૂછ્યું કે શું તેમના ઉત્પાદનો સમગ્ર ભારતમાં ઓનલાઈન વેચાય છે, જેનો ખેડૂતે હકારાત્મક જવાબ આપ્યો. ખેડૂતે વધુમાં જણાવ્યું કે તેઓ ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPO) તેમજ વિવિધ ફાળો આપનારાઓ દ્વારા સમગ્ર તમિલનાડુનું પ્રતિનિધિત્વ કરે છે. તેમણે સમજાવ્યું કે તેમના ઉત્પાદનો ઓનલાઈન વેચાય છે, નિકાસ થાય છે અને સમગ્ર ભારતમાં સ્થાનિક બજારો અને સુપરમાર્કેટમાં ઉપલબ્ધ છે. શ્રી મોદીએ પૂછ્યું કે દરેક FPO માં કેટલા લોકો સાથે કામ કરે છે, અને ખેડૂતે જવાબ આપ્યો કે આશરે ૧,૦૦૦ લોકો સામેલ છે. પ્રધાનમંત્રીએ આ સ્વીકાર્યું અને આગળ પૂછ્યું કે શું કેળાની ખેતી એક જ વિસ્તારમાં કેન્દ્રિત છે કે અન્ય પાક સાથે જોડવામાં આવે છે. ખેડૂતે સ્પષ્ટતા કરી કે વિવિધ પ્રદેશો વિવિધ ચોક્કસ ઉત્પાદનોમાં વિશિષ્ટતા ધરાવે છે અને કહ્યું કે તેમની પાસે રૈ ઉત્પાદનો પણ છે. બીજા એક ખેડૂતે સમજાવ્યું કે ચાના ચાર પ્રકાર છે - કાળી ચા, સફેદ ચા, ઉલોંગ ચા અને લીલી ચા. તેમણે સમજાવ્યું કે ઉલોંગ ચા ૪૦% આથોવાળી હોય છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે આજકાલ સફેદ ચાનું બજાર ખૂબ મોટું છે, જેની સાથે ખેડૂત સંમત થયા. ખેડૂતે વિવિધ ઋતુઓમાં કુદરતી ખેતી દ્વારા ઉગાડવામાં આવતા રીંગણ અને કેરી જેવા વિવિધ શાકભાજી અને ફળો પણ બતાવ્યા. ત્યારબાદ પ્રધાનમંત્રી મોદીએ મોરિંગા કે સરગવાની લાકડી તરફ ધ્યાન દોર્યું અને પૂછ્યું કે શું આ ઉત્પાદન હાલમાં બજારમાં નોંધપાત્ર હાજરી ધરાવે છે, જેનો ખેડૂતે હકારાત્મક જવાબ આપ્યો. શ્રી મોદીએ તેના પાંદડાઓના ઉપયોગ વિશે પૂછ્યું, જેના પર ખેડૂતે જવાબ આપ્યો કે સરગવાના પાંદડાનો પાવડર કરીને નિકાસ કરવામાં આવે છે. પ્રધાનમંત્રીએ સમજાવ્યું કે આજકાલ મોરિંગા પાવડરની ખૂબ માંગ છે, અને ખેડૂત સંમત થયા. શ્રી મોદીએ આગળ પૂછ્યું કે કયા દેશો મુખ્યત્વે આ

ઉત્પાદનની આયાત કરે છે. ખેડૂતે જવાબ આપ્યો કે મુખ્ય બજારોમાં યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, આફ્રિકન દેશો, જાપાન અને દક્ષિણપૂર્વ એશિયાના ભાગોનો સમાવેશ થાય છે. ખેડૂતે પછી સમજાવ્યું કે સમગ્ર પ્રદર્શનમાં તમિલનાડુના GI ઉત્પાદનો દર્શાવવામાં આવ્યા છે, જેમાં કુંભકોણમના પાન અને મદુરાઈના જાસ્મીન સહિત ૨૫ વસ્તુઓ પ્રદર્શિત કરવામાં આવી છે. શ્રી મોદીએ બજારની પહોંચ વિશે પૂછ્યું, જેના જવાબમાં ખેડૂતે કહ્યું કે આ ઉત્પાદનો સમગ્ર ભારતમાં ઉપલબ્ધ છે અને ખાસ કરીને તમિલનાડુમાં દરેક કાર્યક્રમના દિવસે પ્રદર્શિત કરવામાં આવે છે. પ્રધાનમંત્રીએ પૂછ્યું કે શું વારાણસીના લોકો પણ પાન લાવે છે, જેના ખેડૂતે હામાં જવાબ આપ્યો. શ્રી મોદીએ ઉત્પાદનમાં વધારા વિશે પૂછપરછ કરી, જેના જવાબમાં ખેડૂતે જવાબ આપ્યો કે તેમની પાસે હાલમાં ૧૦૦થી વધુ ઉત્પાદનો છે, જેમાં મધ એક વિશેષતા છે.

પ્રધાનમંત્રીએ બજારની સંભાવના વિશે પૂછપરછ કરી, અને ખેડૂતે સમજાવ્યું કે માંગ વધુ છે, અને તેમના મધ ઉત્પાદનો વૈશ્વિક બજારમાં પહોંચી રહ્યા છે. પ્રધાનમંત્રીને વધુમાં જણાવવામાં આવ્યું કે તેમની પાસે લગભગ ૧,૦૦૦ પરંપરાગત ચોખાની જાતો છે, જેનું પોષણ મૂલ્ય બાજરી જેટલું જ છે. શ્રી મોદીએ કહ્યું કે ચોખા ક્ષેત્રમાં તમિલનાડુનું કાર્ય વિશ્વભરમાં અજોડ છે. ખેડૂત સંમત થયા અને પુષ્ટિ આપી કે નિકાસ કરવામાં આવતા તમામ ચોખા, ચોખા અને સંબંધિત મૂલ્યવર્ધિત ઉત્પાદનો સ્થળ પર પ્રદર્શિત કરવામાં આવે છે. બીજા ખેડૂત સાથે વાત કરતાં, શ્રી મોદીએ પૂછ્યું કે શું યુવાન ખેડૂતો તાલીમ માટે આગળ આવી રહ્યા છે. ખેડૂતે પુષ્ટિ આપી કે મોટી સંખ્યામાં યુવાનો સક્રિયપણે ભાગ લઈ રહ્યા છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે પીએચડી ધારકો સહિત આવા શિક્ષિત લોકોને શરૂઆતમાં આ કાર્યનું મૂલ્ય સમજવામાં મુશ્કેલી પડી શકે છે, પરંતુ એકવાર તેઓ તેના ફાયદા જોશે, તો તેઓ તેની પ્રશંસા કરવાનું શરૂ કરશે. ખેડૂતે સમજાવ્યું કે આવા લોકોને પહેલા વિચિત્ર માનવામાં આવતા હતા, પરંતુ હવે તેઓ દર મહિને ? ૨ લાખ કમાય છે અને તેમને પ્રેરણા તરીકે જોવામાં આવે છે. ખેડૂતે વધુમાં સમજાવ્યું કે તેમણે પ્રાકૃતિક ખેતી યોજના હેઠળ તેમના મોડેલ ફાર્મ પર ૭,૦૦૦ ખેડૂતો તેમજ ૩,૦૦૦ કોલેજના વિદ્યાર્થીઓને તાલીમ આપી છે. પ્રધાનમંત્રીએ પૂછ્યું કે શું તેમની પાસે બજાર છે. ખેડૂતે જવાબ આપ્યો કે તેઓ સીધા અન્ય દેશોમાં માર્કેટિંગ અને નિકાસ કરે છે, અને વાળનું તેલ, કોપરા અને સાબુ જેવા ઉત્પાદનો દ્વારા મૂલ્ય પણ ઉમેરે છે. શ્રી મોદીએ સમજાવ્યું કે ગુજરાતમાં તેમના સમય દરમિયાન, તેમણે "કેટલ હૉસ્ટેલ"ની વિભાવના વિકસાવી હતી. તેમણે સમજાવ્યું કે ગામના બધા પશુઓને એક સામાન્ય સુવિધામાં રાખવાથી ગામ સ્વચ્છ રહે છે, અને સિસ્ટમમાં યોગ્ય જાળવણી માટે ફક્ત એક ડૉક્ટર અને ચારથી પાંચ સહાયક સ્ટાફની જરૂર પડે છે. ખેડૂતો સંમત થયા, અને કહ્યું કે આ સેટઅપ જીવામૃતના મોટા પાયે ઉત્પાદનને ટેકો આપે છે, જે પછી નજીકના ખેડૂતોને પૂરો પાડવામાં આવે છે. તમિલનાડુના રાજ્યપાલ શ્રી આર. એન. રવિ અને કેન્દ્રીય મંત્રી ડૉ. એલ. મુરુગન પણ હાજર હતા.

# તાજેતરના કમોસમી અસાધારણ વરસાદથી રાજ્યના ખેડૂતોને થયેલા નુકસાનથી ખેડૂતોને બેઠા કરવા માટે ખૂબ જ ટૂંકા સમયમાં ડબલ એન્જિન સરકારે રૂ. ૧૦ હજાર કરોડનું ઉદારતમ રાહત સહાય પેકેજ આપ્યુ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## પી.એમ. કિસાન સન્માન નિધિના ૨૧માં હપ્તાથી રાજ્યના ૪૯.૩૧ લાખ ધરતીપુત્રોને ૯૮૬ કરોડ રૂપિયાની સહાય મળી

:: મુખ્યમંત્રીશ્રી ::

- વડાપ્રધાનશ્રીની કૃષિ હિતકારી નીતિ અને ખેડૂતો પ્રત્યેની સંવેદનાના પરિણામે રાજ્યના લગભગ ૯૮ ટકાથી વધુ ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે.
- વડાપ્રધાનશ્રીએ બીજથી લઈને બજાર સુધીના બધા તબક્કે ખેડૂતોની પડખે રહીને ખેડૂતોનું કલ્યાણ સુનિશ્ચિત કર્યું છે.
- ક્લાઈમેટ ચેન્જના પડકારો સામે ગ્રીન કવર વધારીને સુરક્ષા આપવાનો વડાપ્રધાનશ્રીનો અભિગમ
- પ્રાકૃતિક ખેતી એ ભવિષ્યની ખેતી છે - જમીન અને લોકોના સ્વાસ્થ્ય માટે પ્રાકૃતિક કૃષિ અપનાવવી હવેના સમયની માંગ છે.

## ગાંધીનગરમાં રાજ્યકક્ષાના કાર્યક્રમમાં કિસાન સન્માન નિધિ સાથે મુખ્યમંત્રીશ્રી – કૃષિમંત્રીશ્રીના હસ્તે ૧૧.૬૮ લાખથી વધુની વિવિધ કૃષિ સહાયના મંજૂરી પત્રોનું વિતરણ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રીભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, રાજ્યના ખેડૂતો પર તાજેતરમાં આવી પડેલી અસાધારણ કમોસમી વરસાદની આપત્તિથી થયેલા નુકસાનમાંથી તેમને બેઠા કરવા આ ડબલ એન્જિન સરકારે ખૂબ જ ઝડપથી રૂ. ૧૦ હજાર કરોડનું ઉદારતમ સહાય પેકેજ આપ્યું છે. પી.એમ. કિસાન સન્માન નિધિ યોજનાનો ૨૧મો હપ્તો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તમિલનાડુના કોઈમ્બતુરથી દેશના કિસાનો માટે રિલીઝ કર્યો તેના ગાંધીનગરમાં યોજાયેલા રાજ્યકક્ષાના કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી સંબોધન કરી રહ્યા હતા. વડાપ્રધાનશ્રીના સંબોધનનું જીવંત પ્રસારણ રાજ્યના ખેડૂતોએ નિહાળ્યુ હતું. વડાપ્રધાનશ્રીએ આ અવસરે દેશભરના ૯ કરોડથી વધુ ખેડૂતોને ૨૧માં હપ્તા પેટે ૧૮ હજાર કરોડ રૂપિયાની સહાય આપી હતી. ગુજરાતના ૪૯.૩૧ લાખથી વધુ કિસાનોને આ સહાય અંતર્ગત ૯૮૬ કરોડ રૂપિયા ડી.બી.ટી.થી મળશે. ગાંધીનગરમાં રાજ્યકક્ષાના કાર્યક્રમમાં કિસાન સન્માન નિધિ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કૃષિમંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી તથા કૃષિ રાજ્યમંત્રીશ્રી રમેશભાઈ કટારાએ ૧૧.૬૮ લાખ રૂપિયાથી વધુની વિવિધ કૃષિસહાયના મંજૂરીપત્રોનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ખેડૂતોને આર્થિક રીતે સમૃદ્ધ કરવા અનેક કલ્યાણકારી યોજનાઓ આપી છે. એટલુ જ નહીં, ક્લાઈમેટ ચેન્જના પડકારો સામે ગ્રીન કવર વધારીને સુરક્ષા આપવાનો અભિગમ 'એક પેડ માં કે નામ' અને પ્રાકૃતિક કૃષિ જેવા અભિયાનોથી અપનાવ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રસાયણયુક્ત ખેતીથી જમીન અને માનવ બંનેનું સ્વાસ્થ્ય કથળી રહ્યું છે તેના ઉપાયરૂપે વડાપ્રધાનશ્રીએ પ્રાકૃતિક ખેતીનો અપનાવવાનો જે ખ્યાલ આપ્યો છે તે ભવિષ્યની પેઢીના સ્વસ્થ અને તંદુરસ્ત જીવન તથા જમીનની ફળદ્રુપતા વધારવામાં ઉપયોગી બનશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો. તેમણે પ્રાકૃતિક ખેતીને ભવિષ્યની ખેતી છે ગણાવતાં આ ખેતી અપનાવવી એ હવેના સમયની માંગ છે તેમ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રપટેલે બીજથી બજાર સુધીના દરેક તબક્કે વડાપ્રધાનશ્રી ખેડૂત હિતલક્ષી નિર્ણયોથી તેની પડખે રહ્યા છે તેમ જણાવતાં કહ્યું કે, આ વર્ષના બજેટમાં પીએમ ધનધાન્ય કૃષિ યોજના શરૂ કરવાનું જે કમિટમેન્ટ કર્યું હતું તે પણ ૬ વર્ષના સમયગાળા માટે અમલી બનાવીને અન્નદાતાની દરકાર કરીને 'જે કહેવું તે કરવું' પુરવાર કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાનશ્રીની કૃષિ હિતકારી નીતિ અને ખેડૂતો પ્રત્યેની સંવેદનાના કારણે આજે ગુજરાતના લગભગ ૯૮ ટકાથી વધુ ખેડૂતોને દિવસે વીજળી મળતી થઈ છે. ખેડૂતોને પૂરતું પાણી અને વિજળી મળવાના કારણે રાજ્યના કૃષિ ક્ષેત્રનું ચિત્ર સમગ્રતયા બદલાઈ ગયું છે અને ખેડૂત સમૃદ્ધ થયો છે. વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં ૨૦૦૫માં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળમાં શરૂ કરાવેલા કૃષિ મહોત્સવથી રાજ્ય સરકાર ખેડુતોને તેમના ખેતરમાં સામે ચાલીને જઈને કયો પાક વધુ લઈ શકાય, વેલ્યુ એડિશન કરીને કેવી રીતે વધુ આવક મળે, એ બધી સમજ આપે છે અને લેબ ટુ લેન્ડનો એપ્રોચ સુપેરે સાકાર થયો છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું. આ પ્રસંગે કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ હરહંમેશ ખેડૂતોની ચિંતા કરી છે. રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન તરીકે તેમણે ખેડૂતલક્ષી અનેક પહેલ શરૂ કરી છે, જેને આજે રાજ્યના નિખાલસ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સુપેરે આગળ ધપાવી રહ્યા છે. કૃષિ મંત્રી શ્રી વાઘાણીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તામિલનાડુ ખાતેથી આજે 'પી.એમ. કિસાન સમ્માન નિધિ' યોજનાના ૨૧મા હપ્તાનું વર્ચ્યુઅલ માધ્યમથી વિતરણ કરવામાં આવ્યું છે, તેમાં રાજ્યના કૃષિવિજ્ઞાન કેન્દ્ર, ગ્રામ પંચાયત, એપીએમસી વગેરેમાંથી અંદાજે ૩ લાખ જેટલા ખેડૂતો ઓનલાઈન માધ્યમથી જોડાયા છે. કૃષિ મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યસરકાર દ્વારા ખેડૂતો માટે યાંત્રિકરણ, પાક સંરક્ષણ, કૃષિમાં નેનો ટેકનોલોજી અને આઈટીનો ઉપયોગ, પ્રાકૃતિક ખેતી, ઝીરો બજેટ ખેતી, કિસાનો માટે ઉત્પાદન વધે, ખર્ચ ઘટે અને વધુ વેચાણ પણ થાય એ પ્રકારની વ્યવસ્થાઓ કરવામાં આવી છે. આજે દિન-પ્રતિદિન આપણી ખેતી-જમીન બંજર બનતી જાય છે, જેના કારણે વર્તમાન અને ભવિષ્યની પેઢીઓ અનેક રોગનો ભોગ ન બને તે માટે પ્રાકૃતિક કૃષિને અપનાવવી જોઈએ. જે અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં મિશન મોડ પર કામ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ ખેડૂતોને ઉપકારના નહીં પણ સેવાના ભાવથી સન્માન આપવા માટે વર્ષ ૨૦૧૯થી 'પી.એમ. કિસાન સમ્માન નિધિ' યોજનાની સમગ્ર દેશભરમાં શરૂઆત કરાવી છે. આ યોજનાના અસરકારક અમલીકરણ અને સંપૂર્ણ પારદર્શિતાના પરિણામે ખેડૂતોના સીધા બેંક ખાતામાં પૈસા પહોંચી રહ્યા છે. કૃષિ પેદાશોનો બજારમાં નીચો ભાવ હોય ત્યારે એમ.એસ.પી.થી ખરીદી કરવાનો મોટો નિર્ણય પણ વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવ્યો છે. રાજ્યમાં લગભગ એક લાખ મેટ્રિક ટનથી વધુ મગફળી કિસાનોએ ૨૯૩ કેન્દ્રો ઉપર પહોંચાડી છે. આજે રાજ્યમાં રૂ. ૧૧૦૦ કરોડથી વધુની ખરીદી થઈ ચૂકી છે. કૃષિવિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી અંજુ શર્માએ સ્વાગત ઉદબોધન કરતા કહ્યું હતું કે, ખેડૂતોના કલ્યાણ માટે સરકાર દ્વારા વાવેતરથી વેચાણ સુધીની યોજનાઓ અમલી બનાવવામાં આવી છે. સરકાર સુધારેલા બિયારણો, ખાતરો, યાંત્રિક ઓજારો, પ્રાકૃતિક ખેતી, કૃષિરાહત પેકેજ, ટેકાના ભાવની ખરીદીને લગતી યોજનાઓના માધ્યમથી ખેડૂતોને મદદરૂપ થઈ રહી છે. નવીન આઇ ખેડૂત પોર્ટલ ૨.૦ પર અરજી કરી ખેડૂતો અનેક લાભ મેળવી રહ્યા છે તેમ અધિક મુખ્ય સચિવશ્રીએ જણાવ્યુ હતું. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાનશ્રીએ દેશના ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીના વરદ હસ્તે ૧૫ ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની વિવિધ યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કૃષિ રાજ્યમંત્રી શ્રી રમેશભાઈ કટારા, મેયર શ્રી મીરાંબહેન પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી શિલ્પાબેન પટેલ, ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, જી.એસ.આઈ.સી.ના મેનેજિંગ ડાયરેક્ટર શ્રી વિજય ખરાડી, કલેકટર શ્રી મેહુલ દવે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી બી.જે.પટેલ તથા બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી સ્થાનેથી......

પ્રાકૃતિક કૃષિપદ્ધતિ, જેને ઝીરો બજેટ નેચરલ ફાર્મિંગ તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો મૂળભૂત અને અનિવાર્ય આધારસ્તંભ મિશ્ર પાક પદ્ધતિ છે. આ પદ્ધતિ પ્રકૃતિના કુદરતી ઈકોસિસ્ટમ, ખાસ કરીને જંગલની વ્યવસ્થા,નું અનુકરણ કરે છે, જ્યાં વિવિધ વનસ્પતિઓ એકબીજાને સહાયક બનીને ઉગે છે. ખેડૂત એક જ ખેતરમાં, એક જ સમયે બે કે તેથી વધુ પાકોનું વાવેતર કરીને આ પદ્ધતિ અપનાવે છે. આ અભિગમ જમીનની ફળદ્રુપતા, જૈવવિવિધતા અને ખેડૂતની આર્થિક સ્થિતિ ત્રણેય માટે વરદાનરૂપ છે. પ્રાકૃતિક કૃષિમાં, મુખ્ય પાકની સાથે સહાયક પાકો અથવા આંતરપાકો લેવા પર ભાર મૂકવામાં આવે છે, જે જમીનના સ્વાસ્થ્યને જાળવીને ખેડૂતની આવકમાં નોંધપાત્ર વધારો કરે છે. મિશ્ર પાક પદ્ધતિ જમીનના સ્વાસ્થ્ય માટે એક કુદરતી ચિકિત્સક તરીકે કાર્ય કરે છે. આ પદ્ધતિનો મુખ્ય લાભ નાઈટ્રોજનનું સ્થિરીકરણ છે, જે કઠોળ વર્ગના પાકો જેમ કે ચણા, મગ, અડદ, તુવેર દ્વારા શક્ય બને છે. કઠોળના મૂળમાં રહેલા રાઈઝોબિયમ બેક્ટેરિયા વાતાવરણમાંના નાઈટ્રોજનનું જમીનમાં સ્થિરીકરણ કરે છે, જે મુખ્ય પાકને કુદરતી રીતે નાઈટ્રોજન પ્રદાન કરે છે અને રાસાયણિક ખાતરો પરની નિર્ભરતાને સંપૂર્ણપણે દૂર કરે છે. આ ઉપરાંત, વિવિધ પાકોના મૂળ ઊંડાણ અને ફેલાવામાં અલગ હોવાથી, તેઓ જમીનના જુદા જુદા સ્તરોમાંથી પોષક તત્વોનું શોષણ કરે છે, જેનાથી જમીનની ફળદ્રુપતાનું સંતુલન જળવાઈ રહે છે. આ પદ્ધતિ જમીનને ઝડપથી આચ્છાદનનો લાભ પણ આપે છે, જે જમીનની ભેજ જાળવી રાખે છે અને ધોવાણ અટકાવે છે.

# માલદીવ પોલીસ સેવા માટે એડ્વાન્સ્ડ ડિજિટલ ફોરેન્સિકસ અને ઘટના પ્રતિભાવ તાલીમ

કમલમ્,

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), માલદીવ પોલીસ સેવા (MPS) અને નેશનલ કોલેજ ઓફ પોલીસિંગ એન્ડ લો એન્ફોર્સમેન્ટ (NCPLE), માલદીવના સહયોગથી, એડવાન્સ્ડ ડિજિટલ ફોરેન્સિક્સ અને ઘટના પ્રતિભાવ (DFIR) પર એક વિશિષ્ટ તાલીમ કાર્યક્રમ પૂર્ણ કર્યો. આ સહયોગ ૭ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી અને માલદીવના માનનીય રાષ્ટ્રપતિ શ્રી મોહમ્મદ મુઈઝ્ઝુની હાજરીમાં RRU અને NCPLE વચ્ચે અગાઉ હસ્તાક્ષર કરાયેલા સમજૂતી કરાર (MOU) માંથી ઉદ્ભવ્યો છે. ૧૫ નવેમ્બરથી ૨૦ નવેમ્બર, ૨૦૨૫ દરમિયાન માલદીવમાં માલદીવ પોલીસ સેવા સુવિધાઓ ખાતે "ડિજિટલ ઈન્વેસ્ટિગેશન્સ એન્ડ સાયબર રિસ્પોન્સ ઓપરેશન્સ" કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જે માલદીવ પોલીસ સેવા, નેશનલ કોલેજ ઓફ પોલીસિંગ એન્ડ લો એન્ફોર્સમેન્ટ અને ડિજિટલ તપાસ અને સાયબર રિસ્પોન્સ ઓપરેશન્સમાં સક્રિય રીતે સંકળાયેલા વિવિધ સુરક્ષા અને સાયબર એકમોના ૨૭ મધ્યમથી વરિષ્ઠ સ્તરના અધિકારીઓના કૌશલ્યને વધારવા માટે રચાયેલ એક મહત્વપૂર્ણ પહેલ હતી. આ સહયોગ પોલીસ તાલીમ અને વ્યૂહાત્મક સુરક્ષા અભ્યાસમાં વૈશ્વિક ભાગીદારીને આગળ વધારવા માટે RRUની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે. ૧૫ નવેમ્બર, ૨૦૨૫ના રોજ યોજાયેલા ઉદ્ઘાટન સમારોહમાં શ્રી અજય વીરેન્દ્રભાઈ રાજગોર, સહાયક રજિસ્ટ્રાર, પરીક્ષા, RRU; ડૉ. રવિ શેઠ, સિનિયર આસિસ્ટન્ટ પ્રોફેસર (IT), સ્કૂલ ઓફ ઈન્ફર્મેશન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ સાયબર સિક્યુરિટી (SITAICS), RRU; અને શ્રી વિવેક જોશી, સહાયક પ્રોફેસર, SITAIICS, અને સહાયક નિયામક, તાલીમ, RRU ની માનનીય હાજરી હતી. આ સહયોગી પ્રયાસે માલદીવના કાયદા અમલીકરણ માળખામાં સાયબર સુરક્ષા અને ડિજિટલ તપાસ કુશળતાને મજબૂત બનાવવા માટે તમામ સંકળાયેલી સંસ્થાઓની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો. આ તાલીમ સહભાગીઓને સાયબર ક્રાઈમ અને ડિજિટલ પુરાવા વિશ્લેષણના વિકસતા પડકારોને અસરકારક રીતે સંબોધવા માટે જરૂરી અત્યાધુનિક જ્ઞાન અને વ્યવહારુ કુશળતાથી સજ્જ કરવા માટે ડિઝાઈન કરવામાં આવી હતી. આ વ્યાપક તાલીમ માલદીવ પોલીસ સેવા (MPS) અને નેશનલ કોલેજ ઓફ પોલીસિંગ એન્ડ લો એન્ફોર્સમેન્ટ (NCPLE) બંનેમાં કાયદા અમલીકરણ અને સાયબર તપાસ વ્યાવસાયિકોની તપાસ અને વિશ્લેષણાત્મક કુશળતાને મજબૂત બનાવવા માટે કાળજીપૂર્વક ડિઝાઈન કરવામાં આવી હતી. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU), ભારતની નિષ્ણાત ફેકલ્ટીએ આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું, જેમાં સહભાગીઓને જટિલ સાયબર ઘટનાઓ અને ડિજિટલ પુરાવાઓને અસરકારક રીતે હેન્ડલ કરવા માટે જરૂરી નવીનતમ સાધનો, પદ્ધતિઓ અને માળખાથી સજ્જ કરવામાં આવ્યા હતા. આ સહયોગે પ્રાદેશિક સાયબર સુરક્ષા વધારવા અને અદ્યતન કૌશલ્ય વિકાસ અને આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા સાયબર ગુનાનો સામનો કરવા માટેની સહિયારી પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો તાલીમ વાસ્તવિક દુનિયાના કેસ સ્ટડીઝ, વ્યવહારુ પ્રદર્શનો અને સાયબર ક્રાઈમ તપાસમાં ઓપરેશનલ તૈયારી વધારવા માટે હાથ પરની કસરતો પર કેન્દ્રિત હતી. આ મહત્વપૂર્ણ તાલીમ માટેના અભ્યાસક્રમમાં આધુનિક સાયબર ક્રાઈમ લડાઈ માટે જરૂરી વિષયોની વ્યાપક શ્રેણીનો સમાવેશ થાય છે. સહભાગીઓને

- મુખ્ય DFIR પદ્ધતિ, પુરાવા વ્યવસ્થાપન અને સંપાદનમાં ઊંડાણપૂર્વક સૂચના મળી હતી, જે ડિજિટલ પુરાવા સંચાલનમાં શ્રેષ્ઠ પ્રથાઓની પાયાની સમજ સુનિશ્ચિત કરે છે.
- ઓપરેટિંગ સિસ્ટમ અને ફાઈલ સિસ્ટમ ફોરેન્સિક્સની જટિલતાઓમાં વધુ વિગતવાર માહિતી આપવામાં આવી છે, જે અધિકારીઓને વિવિધ કમ્પ્યુટિંગ વાતાવરણમાંથી ડિજિટલ કલાકૃતિઓનું વિશ્લેષણ કરવાની કુશળતાથી સજ્જ કરે છે.
- આ કાર્યક્રમમાં મેમરી ફોરેન્સિક્સ અને માલવેર પર્સિસ્ટન્સનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો, જે અત્યાધુનિક સાયબર ધમકીઓને ઓળખવા અને સમજવા માટે મહત્વપૂર્ણ છે.
- વધુમાં, અધિકારીઓને નેટવર્ક ફોરેન્સિક્સ અને લોગ વિશ્લેષણમાં પણ તાલીમ આપવામાં આવી હતી, જે સાયબર હુમલાઓને ટ્રેસ કરવા અને નેટવર્ક-સ્તરના ઘૂસણખોરીને સમજવા માટે મહત્વપૂર્ણ છે.
- અંતે, તાલીમ એન્ટરપ્રાઈઝ-સ્કેલ અને ક્લાઉડ ઈન્સિડેન્ટ રિસ્પોન્સને સંબોધિત કરતી હતી, જેમાં સહભાગીઓને જટિલ સંગઠનાત્મક માળખાં અને ક્લાઉડ વાતાવરણમાં સાયબર ઘટનાઓનું સંચાલન અને ઘટાડા માટે તૈયાર કરવામાં આવ્યા હતા.

વ્યાપક તાલીમનો હેતુ સહભાગીઓને સાયબર ગુનાના વિકસતા લેન્ડસ્કેપનો સામનો કરવા માટે જરૂરી મહત્વપૂર્ણ કુશળતા અને જ્ઞાનથી સજ્જ કરવાનો હતો. કાર્યક્રમના નિષ્કર્ષ સુધીમાં, સહભાગીઓ પાસેથી ઘણા મુખ્ય શિક્ષણ પરિણામો પ્રાપ્ત થવાની અપેક્ષા રાખવામાં આવે છે:

- અસરકારક ડિજિટલ તપાસ માટે કોર DFIR પદ્ધતિને સમજો અને લાગુ કરો. આમાં ડિજિટલ પુરાવાઓને ઓળખવા, સાચવવા, વિશ્લેષણ કરવા અને રજૂ કરવા માટે એક વ્યવસ્થિત અભિગમનો સમાવેશ થાય છે.
- પુરાવા વ્યવસ્થાપન અને સંપાદનમાં શ્રેષ્ઠ પ્રથાઓનો અમલ કરો, કોર્ટમાં અખંડિતતા અને સ્વીકાર્યતા સુનિશ્ચિત કરો. આ મહત્વપૂર્ણ પાસામાં કસ્ટડીની સાંકળ જાળવવા માટે ફોરેન્સિકલી સાઉન્ડ ડેટા સંગ્રહ અને હેન્ડલિંગ માટેની તકનીકોનો સમાવેશ થાય છે.
- મહત્વપૂર્ણ કલાકૃતિઓ અને ડિજિટલ ટ્રેસને ઉજાગર કરવા માટે ઓપરેટિંગ સિસ્ટમ્સ અને ફાઈલ સિસ્ટમ્સનું વિશ્લેષણ કરો. સહભાગીઓ તપાસ માટે સંબંધિત મહત્વપૂર્ણ માહિતી મેળવવા માટે વિવિધ ઓપરેટિંગ સિસ્ટમ્સ અને ફાઈલ સ્ટ્રક્ચર્સની તપાસ કરવામાં કુશળતા મેળવશે.
- મેમરી ફોરેન્સિક્સ હાથ ધરશે અને વિરોધીઓ દ્વારા ઉપયોગમાં લેવાતી માલવેર પર્સિસ્ટન્સ ટેકનિક ઓળખશે. આ અદ્યતન મોડ્યુલ દૂષિત પ્રવૃત્તિના પુરાવા માટે અસ્થિર મેમરીનું વિશ્લેષણ કરશે અને સમજશે કે માલવેર ચેડા કરાયેલ સિસ્ટમ્સ પર તેની હાજરી કેવી રીતે જાળવી રાખે છે.
- સાયબર હુમલાઓને શોધવા અને પુનઃનિર્માણ કરવા માટે નેટવર્ક ફોરેન્સિક્સ અને લોગ વિશ્લેષણ કરશે, ડિજિટલ ઘૂસણખોરીના મૂળ અને પદ્ધતિઓમાં મહત્વપૂર્ણ આંતરદૃષ્ટિ પ્રદાન કરશે.
- આધુનિક ડિજિટલ વાતાવરણમાં ધમકીઓને ઘટાડવા માટે એન્ટરપ્રાઈઝ-સ્કેલ અને ક્લાઉડ ઘટના પ્રતિભાવ માટે વ્યૂહરચના વિકસાવો, ક્લાઉડ કમ્પ્યુટિંગ અને મોટા સંગઠનાત્મક નેટવર્ક્સ દ્વારા ઉભા થતા વિકસતા પડકારોને સંબોધિત કરશે.

આ સહયોગી પ્રયાસ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, માલદીવ્સ પોલીસ સેવા અને નેશનલ કોલેજ ઓફ પોલીસિંગ એન્ડ લો એન્ફોર્સમેન્ટની સાયબર સુરક્ષા ક્ષમતાઓને મજબૂત કરવા અને ડિજિટલ ધમકીઓ સામેની લડાઈમાં આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. તાલીમ કાર્યક્રમના ત્રીજા દિવસે, એટલે કે, ૧૮ નવેમ્બર ૨૦૨૫ના રોજ, ટીમ RRU એ H.E. સાથે રચનાત્મક બેઠક કરી. માલદીવમાં ભારતના હાઈ કમિશનર શ્રી જી. બાલાસુબ્રમણ્યમ, ડેપ્યુટી હાઈ કમિશનર શ્રી કુમાર ગૌરવ અને માલે ખાતે હાઈ કમિશનના અન્ય અધિકારીઓ સાથે હતા. હાઈ કમિશનર, માનનીય કુલપતિ પ્રો. (ડૉ.) બિમલ એન. પટેલને હાર્દિક શુભેચ્છા પાઠવતા, NCPLE, MPS અને RRU વચ્ચે આગામી પ્રાથમિકતાઓ અને સહયોગના સંભવિત માર્ગો પર ટીમ સાથે વ્યાપકપણે જોડાયા. તેમણે RRU ની ચાલુ તાલીમ પહેલ માટે પણ પ્રશંસા વ્યક્ત કરી અને માલદીવ પોલીસ સેવાના ક્ષમતા નિર્માણના પ્રયાસોમાં તેમના નોંધપાત્ર યોગદાનને સ્વીકાર્યું. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી વિશે: રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) એ ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળ રાષ્ટ્રીય મહત્વની સંસ્થા છે. તે રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ વિજ્ઞાનના અભ્યાસ અને સંશોધન માટે સમર્પિત છે, જે સુરક્ષા વ્યાવસાયિકોની ક્ષમતાઓને વધારવા માટે વિવિધ પ્રકારના અભ્યાસક્રમો અને તાલીમ કાર્યક્રમો પ્રદાન કરે છે. માલદીવ્સ પોલીસ સેવા (MPS) વિશે: માલદીવ્સ પોલીસ સેવા માલદીવ્સ પ્રજાસત્તાકની પ્રાથમિક કાયદા અમલીકરણ એજન્સી છે, જે કાયદો અને વ્યવસ્થા જાળવવા, ગુના અટકાવવા અને જાહેર સલામતી સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છે. નેશનલ કોલેજ ઓફ પોલીસિંગ એન્ડ લો એન્ફોર્સમેન્ટ (NCPLE), માલદીવ્સ વિશે: નેશનલ કોલેજ ઓફ પોલીસિંગ એન્ડ લો એન્ફોર્સમેન્ટ (NCPLE) માલદીવ્સમાં એક મુખ્ય સંસ્થા છે જે કાયદા અમલીકરણ કર્મચારીઓને વ્યાવસાયિક તાલીમ અને શિક્ષણ પ્રદાન કરવા માટે સમર્પિત છે, જેનો હેતુ દેશમાં પોલીસિંગના ધોરણોને ઉન્નત કરવાનો છે.

# રાજકોટ આર્ષ વિદ્યામંદિર ખાતે અદ્વૈત યુવા જાગરણ શિબિરમાં દેશભર ના ૧૨ રાજયના યુવાનો જોડાયા

કમલમ્,

રાજકોટના આર્ષ વિદ્યામંદિર ખાતે આચાર્ય શંકર સાંસ્કૃતિક એકતા ન્યાસ મધ્યપ્રદેશ સરકાર, સાંસ્કૃતિક વિભાગ દ્વારા આયોજીત દસ દિવસીય આવાસીય અદ્વૈત યુવા જાગરણ શિબિર યોજાઈ હતી. દસ દિવસીય શિબિર પૂજ્ય સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી મહારાજજીની અધ્યક્ષતામાં માં યોજાઈ હતી. આ શિબિર માં દેશભરના ૧૨ રાજ્યો ના ૫૦ થી વધુ યુવક યુવતીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ શિબિર નો ઉદ્દેશ દેશભરના યુવાનો યોગ, વેદાંત, ગીતા, ઉપનિષદ, મેડીટેશન તરફ જોડાઈ તનાવ અને ભાગદોડ થી દૂર રહીને પોતાના જીવનની રાહ બનાવે. શિબિર કેમ્પ કોર્ડીનેટર હર્ષ પંડ્યા દ્વારા જણાવ્યું હતું કે ભગવાન આદિ શંકરાચાર્ય દ્વારા સ્થાપિત ચાર મઠો ની પરંપરાઓ ને આગળ વધારવા માટે યુવાનો અગ્રેસર બને એ માટે દેશભરમાં આચાર્ય શંકર સાંસ્કૃતિક એકતા ન્યાસ દ્વારા અદ્વૈત યુવા જાગરણ શિબિર નું આયોજન કરવામાં આવે છે. મધ્યપ્રદેશના ઓમકારેશ્વર ખાતે નર્મદા ના તટે માંધાતા પર્વત ઉપર ભગવાન શંકરાચાર્યજીની ૧૦૮ ફૂટની પ્રતિમા બનાવવામાં આવી છે, આગામી દિવસોમાં મ્યુઝીયમ, ગેલેરી તેમજ લાઈબ્રેરી નું નિર્માણ થવાનું છે.

# છત્તીસગઢના અંબિકાપુરમાં ‘આદિવાસી ગૌરવ દિવસ’ ઉજવણીમાં રાષ્ટ્રપતિ ઉપસ્થિત રહ્યા

કમલમ્,

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ છત્તીસગઢના સુરગુજાના અંબિકાપુરમાં છત્તીસગઢ સરકાર દ્વારાઆયોજિત ’આદિવાસીગૌરવ દિવસ’ ઉજવણીમાં ઉપસ્થિત રહ્યા હતા. આપ્રસંગે રાષ્ટ્રપતિએ કહ્યું કે આદિવાસી સમુદાયોનું યોગદાન લોકશાહીની માતા, ભારતના ઈતિહાસમાં એક ગૌરવપૂર્ણ પ્રકરણ છે. આના ઉદાહરણો પ્રાચીન પ્રજાસત્તાકો તેમજ બસ્તરમાં ’મુરિયા દરબાર’ - આદિવાસી લોકોની સંસદ - જેવી ઘણી આદિવાસી પરંપરાઓમાં જોઈ શકાય છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે છત્તીસગઢ, ઓડિશાઅને ઝારખંડ સહિત દેશના વિવિધ ભાગોમાં આદિવાસીવારસાના મૂળઊંડા છે. તેમણે ખુશી વ્યક્ત કરી કે આ વર્ષે છત્તીસગઢ સરકારે ૧ થી ૧૫ નવેમ્બર સુધી આદિવાસી ગૌરવ પખવાડિયાની ભવ્ય ઉજવણી કરી હતી. રાષ્ટ્રપતિએ ભાર મૂક્યો કે છેલ્લા દાયકામાં, આદિવાસી સમુદાયોના વિકાસ અને કલ્યાણ માટે રાષ્ટ્રીય સ્તરની યોજનાઓ

વિકસાવવામાં આવી છે અને અમલમાંમૂકવામાં આવીછે. ગયા વર્ષે, ગાંધી જયંતિ નિમિત્તે, ’ધરતી આબા જનજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન’ શરૂ કરવામાં આવ્યું હતું. આ અભિયાનના લાભો દેશભરના ૫ કરોડથી વધુ આદિવાસી ભાઈ-બહેનો સુધી પહોંચશે. ૨૦૨૩માં, ૭૫ ખાસ કરીને નબળા આદિવાસી જૂથો (PVTGs) નાસામાજિક અને આર્થિક વિકાસ માટે પ્રધાનમંત્રી જનજાતિ ન્યાય મહા અભિયાન (PM-જનમન્ અભિયાન) શરૂ કરવામાં આવ્યું હતું. આ બધી યોજનાઓ સરકાર દ્વારા આદિવાસી સમુદાયોને આપવામાં આવતી પ્રાથમિકતાનો પુરાવો છે. રાષ્ટ્રપતિએ નોંધ્યું કે આદિવાસી સમુદાયોના વિકાસ પ્રયાસોને ફરીથી વેગ આપવા માટે, ભારત સરકારે ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિના વર્ષ દરમિયાન ’આદિ કર્મયોગી અભિયાન’શરૂ કર્યું. તેમણે નોંધ્યું કે આ અભિયાનહેઠળ દેશભરમાં આશરે ૨૦ લાખ સ્વયંસેવકોનું નેટવર્કબનાવવામાં આવીરહ્યું છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ સ્વયંસેવકો પાયાના સ્તરે કામ કરીને આદિવાસી સમુદાયોના વિકાસને સુનિશ્ચિત કરશે. રાષ્ટ્રપતિએ એ હકીકત પર સંતોષ વ્યક્ત કર્યો કે છત્તીસગઢ સહિત દેશભરનાલોકોડાબેરી ઉગ્રવાદનો માર્ગ છોડીને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડાઈ રહ્યા છે. તેમણે જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજ્ય સરકારોના ઈરાદાપૂર્વક અને સુસંગઠિત પ્રયાસોથી, નજીકના ભવિષ્યમાં ડાબેરીઉગ્રવાદને નાબૂદ કરવાનું શક્યબનશે. તેમણે ખુશી વ્યક્તકરી કે તાજેતરમાં યોજાયેલા ’બસ્તર ઓલિમ્પિક્સ’માં ૧૬૫,૦૦૦થી વધુ સહભાગીઓએ ભાગ લીધો હતો. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આદિવાસી નેતાઓના આદર્શોને અનુસરીને, છત્તીસગઢના લોકો મજબૂત, આત્મનિર્ભર અને વિકસિત ભારત બનાવવા માટે અમૂલ્ય યોગદાન આપશે.

કમલમ્,

**લોકસુવિધા અને સુખાકારીમાં વધારો કરવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા નાગરિકોની મુસાફરી સુગમ બની રહે તે માટે સંતરામપુર બસ ડેપો ખાતે ધારાસભ્યશ્રી ડો કુબેરભાઈ ડીંડોરે નવી ૫ બસ ફાળવવામાં આવતા લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. બસ સેવ લોકો માટે વધુને વધુ સરળતાથી પ્રાપ્ય થાય અને જાહેર પરિવહનનું માળખું સુદ્રઢ બને તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે.**

કમલમ્,

**ચૂંટણી પંચ દ્વારા SIR (Special Intensive Revision) ની કામગીરી સફળતાપૂર્વક હાથ ધરાઈ રહી છે, જે અંતર્ગત સંતરામપુર તાલુકાના ભંડારા ખાતે ધારાસભ્યશ્રી ડો કુબેરભાઈ ડીંડોરે ફોર્મ ભર્યું અને ગ્રામજનો, કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી માર્ગ દર્શન પૂરું પાડ્યું. મતદાર યાદીની સુધારણા માટે આ કામગીરી ખૂબ અગત્યની છે. આના લીધે ચૂંટણી અને મતદાનની સમગ્ર પ્રક્રિયા વધુ પારદર્શી થશે. આ ફોર્મ ભર્યું સરળ છે. એટલે આપ સૌ પણ અગ્રતા આપીને આ ફોર્મ ભરશો તેવો ખાસ આગ્રહપૂર્વક અનુરોધ કર્યો. આવો, SIR ની આ કામગીરીમાં સહયોગ કરીને લોકતંત્રને મજબૂત બનાવવામાં આપણું યોગદાન આપીએ.**

કમલમ્,

**કડાણા તાલુકાના નાના રાજનપુર ખાતે રોડ નું ખાતમુહૂર્ત ધારાસભ્યશ્રી ડો કુબેરભાઈ ડીંડોર દ્વારા કરવામાં આવ્યું અને મતદારયાદી વિશેષ સુધારણા અભિયાન ( SIR )" અંતર્ગત ગામજનો, કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી માર્ગ દર્શન પૂરું પાડ્યું. મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ,કડાણા મંડળ પ્રમુખશ્રી પર્વતભાઈ ડામોર,મહામંત્રીશ્રી અજયપાલસિંહ, જિલ્લા સભ્ય પર્વતભાઈ અને કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.**

# મોરબીમાં શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિમાં એકતા પદયાત્રા યોજાઈ

## નવા બસ સ્ટેન્ડથી મહાનગરપાલિકા સુધી વિશાળ જનમેદની સાથેની એકતા પદયાત્રાને શહેરીજનોએ ઉમંગેર આવકારી

**એકતા પદયાત્રાને નિહાળવા/ અભિવાદન કરવા મોરબીવાસીઓ ઉમટ્યા; વિવિધ સમાજોએ હરખે વધાવી**

કમલમ્, મોરબી

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીની સમગ્ર દેશમાંઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે મોરબી વિધાનસભા મતવિસ્તારમાં ચેલા વહીવટી તંત્ર દ્વારા શ્રમ અને રોજગાર મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાની પ્રેરક ઉપસ્થિતિમાં એકતા પદયાત્રા યોજાઈ હતી. આ એકતા પદયાત્રામાં મોરબીવાસીઓ ઉમંગભેર જોડાયાહતા. આએકતા પદયાત્રા થકી મોરબીમાં દેશભક્તિના માહોલનું સર્જન થયું હતું. આ તકે મંત્રીશ્રી કાંતિભાઈ અમૃતિયાએ જણાવ્યુ હતુ કે, આપણા ગુજરાતના પનોતા પુત્ર એવા સરદાર પટેલે દેશી રજવાડાઓને એક કરી ભારતને અખંડભારત બનાવ્યુંહતું. આપણા દેશને અખંડિત અને એક રાખ્યું હતું. તેમના આ મહાન પ્રદાનને આપણે સૌ યાદ રાખી તેમનામાંથી પ્રેરણા લઈને ગુજરાતને આગળ વધારવામાં સહયોગઆપીએ. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખશ્રી હંસાબેન પારેધી, ધારાસભ્યશ્રી દુર્લભજીભાઈ દેથરીયા, પૂર્વ મંત્રીશ્રી બ્રિજેશભાઈ મેરજાએ પ્રાસંગિક પ્રવચન કર્યા હતા. સર્વે ઉપસ્થિતોને સરદારપટેલની ૧૫૦મી જન્મ જયંતી નિમિત્તે આયોજિત એકતાપદયાત્રાઅન્વયે સર્વેને શુભેચ્છાઓ પાઠવી હતી. નવા બસ સ્ટેન્ડથી મહાનગરપાલિકા સુધી આયોજિત આએકતાપદયાત્રાથકી મોરબીમાં ઉત્સવઅને દેશભક્તિના માહોલનું સર્જન થયુંહતું અનેક જગ્યાઓએ એકતા પદયાત્રાને નિહાળવા અને તેનું અભિવાદન કરવા લોકો રસ્તાઓ ઉપર એકત્ર થયા હતા. આ યાત્રામાં વિશાળ જનમેદની સહભાગી બની હતી, અનેક સમાજના અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓ તેમજ શાળાઓએ ઠેર ઠેર આ યાત્રાને ઉમંગભેર આવકારી હતી અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજનપણ કરવામાં આવ્યું હતું.બાળકોએ દેશભક્તિના સાંસ્કૃતિક કાર્યક્રમોથી આ યાત્રાનો અભિવાદન કર્યું હતું. મોરબીની મુખ્ય બજારમાંવિવિધ વેપારીઓ, સંગઠનોએ આયાત્રા પર પુષ્પ વર્ષા કરી યાત્રાનું અભિવાદન કર્યું હતું. મહાનગરપાલિકાના પરિસર ખાતે એકતા શપથ ગ્રહણ કરી આ યાત્રાનું સમાપન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અગ્રણીશ્રી જયંતીભાઈ રાજકોટિયા, કલેક્ટરશ્રી સ્વપ્નિલ ખરે, જિલ્લા વિકાસ અધિકારીશ્રીશૈલેષચંદ્ર ભટ્ટ, નાયબ વન સંરક્ષક ડો. સુનિલ બેરવાલ, પ્રાંત અધિકારીશ્રી પ્રવિણસિહ જેતાવત, નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી સંજય સૌની, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિરલ વ્યાસ, અગ્રણીઓ, પદાધિકારીશ્રીઓ,અધિકારીશ્રીઓ તથા નાગરિકો, વિદ્યાર્થીઓ, સંગઠનના કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટમાં રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (ડીએલસી) ઝુંબેશ ૪.૦ (૨૦૨૫) અભિયાનના ભાગરૂપે સલાહકાર શ્રી દિનેશ પાલસિંહે આ સંસ્થાની મુલાકાત લીધી

કમલમ્,

કર્મચારી, જાહેર ફરિયાદ અનેપેન્શન મંત્રાલયનાપેન્શન અને પેન્શનરોના કલ્યાણ વિભાગ (DoPPW) દ્વારા સરકારના પેન્શનરોના ડિજિટલ સશક્તિકરણનાવિઝન હેઠળ૧ થી ૩૦ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન રાષ્ટ્રવ્યાપી ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ (DLC) ઝુંબેશ ૪.૦નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ સેચ્યુરેશન અભિગમ અપનાવે છે, જેમાં દેશભરના ૨,૦૦૦ થી વધુ શહેરો અને નગરોને આવરી લેવામાં આવે છે, જેથી પેન્શનરોને બહુવિધ ડિજિટલ મોડ્સ દ્વારા તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરવાની સુવિધા મળે. વિભાગ ૨૦૨૧માં રજૂ કરાયેલઆધાર-આધારિતફેસ ઓથેન્ટિકેશન ટેકનોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખે છે, જેનાથી પેન્શનરો સ્માર્ટફોનનો ઉપયોગ કરીને ઘરે બેઠા તેમના જીવન પ્રમાણપત્રો સબમિટ કરીશકે છે.

ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક (ડિપાર્ટમેન્ટ ઓફ પોસ્ટ્સ) એ સુપર-સિનિયર અને ડિફરન્શિયલી-એબલ્ડ પેન્શનરોને ડોરસ્ટેપ DLC સેવાઓપૂરી પાડી હતી, જ્યારે બેંકો, પેન્શનર્સ એસોસિએશન અને ફિલ્ડ ઓફિસોએ જાગૃતિશિબિરો યોજ્યા હતા અને સ્થળ પર સહાય પૂરી પાડી હતી. DLC 3.0 (2024) દરમિયાન, ૧.૬૨ કરોડથી વધુ DLC જનરેટ કરવામાં આવ્યા હતા, જેમાં ફેસઓથેન્ટિકેશન દ્વારા ૫૦ લાખનો સમાવેશ થાય છે. હાલમાં ચાલી રહેલા ડીએલસી ૪.૦ (૨૦૨૫) માં, પ્રારંભિક અહેવાલોરેકોર્ડ-સ્તરની ભાગીદારી સૂચવે છે, જેમાં ૨ કરોડ ડીએલસીનો લક્ષ્યાંક છે. બેંકો, IPPB, UIDAI, MeitY, CGDA, રેલવે અને પેન્શનર્સ વેલ્ફેર એસોસિએશનના સંયુક્ત પ્રયાસોદ્વારા હાંસલથવાની અપેક્ષા છે.

આ અભિયાનના ભાગરૂપે સલાહકારશ્રી દિનેશ પાલસિંહે આ સંસ્થાની મુલાકાત લીધી હતી. ૨૦.૧૧.૨૦૨૫નારોજ રાજકોટ ખાતેડીએલસી કેમ્પઅને ડિજિટલ સેવાઓનો લાભ લેતા પેન્શનરો સાથે વાતચીત કરી હતી. ડીઓપીપીડબલ્યુના અધિકારીઓ, પ્રતિનિધિઓસાથે બેંકઓફ બરોડા અને ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક, રાજકોટ ખાતે સ્થિત, ફેસ ઓથેન્ટિકેશન દ્વારા તેમના ડીએલસી જનરેટ કરવામાં પેન્શનરોને સહાય કરી હતીઅને તેમને આપ્રક્રિયાવિશેશિક્ષિત કર્યા હતા. તેમજ રાજકોટમાં કેમ્પ યોજવામાં આવ્યા હતા, જેમાં ઉત્સાહપૂર્ણ પ્રતિસાદ અને વ્યાપક સ્થાનિક ભાગીદારી મળીહતી. આ ઝુંબેશને દૂરદર્શન, ઓલ ઈન્ડિયા રેડિયો, પીઆઈબી રિલીઝ અને સોશિયલ મીડિયાઆઉટરીચ દ્વારા વ્યાપક કવરેજ કરવામાંઆવ્યું હતું, જે ડિજિટલ લાઈફ સર્ટિફિકેટ સબમિશન પર જાગૃતિને મજબૂત કરે છે. NIC DLC પોર્ટલદ્વારા દૈનિક પ્રગતિ પર નજર રાખવામાં આવી હતી, જે બેંકોઅને વિભાગો દ્વારા જનરેશન આંકડાનું રીઅલ-ટાઇમ મોનિટરિંગ સક્ષમ કરે છે. વિભાગ ડિજિટલલાઈફ સર્ટિફિકેટ ઝુંબેશ જેવા સતત ટેકનોલોજી-સંચાલિત સુધારાઓ દ્વારા પેન્શનરોના જીવનનીસરળતાઅને ડિજિટલ સશક્તિકરણ માટે તેની પ્રતિબદ્ધતાનોપુનરોચ્ચાર કરે છે.

કમલમ્,

**સંતરામપુર તાલુકાના નરસિંગપુર શ્રી મુરલીધર વિદ્યાલય ખાતે G.C.E.R.T ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - સંતરામપુર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી - તેમજ જિલ્લા શિક્ષણ સમિતિ - મહીસાગર દ્વારા આયોજીત બાળકોમાં સંશોધન રુચિ કેળવાય તે માટે જિલ્લા કક્ષાનું વિજ્ઞાન ગણિત અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૨૫ - ૨૬ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી ડો.કુબેરભાઈ ડિંડોર ઉપસ્થિત રહી, બાળકોનો ઉત્સાહ વધાર્યો. વિજ્ઞાન પ્રત્યે બાળકો વધુને વધુ આકર્ષિત થઈને આ ક્ષેત્રમાં પોતાની ઉજ્જવળ કારકિર્દીનું નિર્માણ કરે તે દિશામાં સરકાર પ્રયાસો કરી રહી છે. આ તકે મહીસાગર જિલ્લા પંચાયત પ્રમુખશ્રી બાબુભાઈ પટેલ, મહીસાગર જિલ્લા પ્રમુખશ્રી દશરથસિંહ બારીયા, રામ કેળવણી મંડળના પ્રમુખશ્રી જે.પી પટેલ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મુનિયા સાહેબ, જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેનશ્રી પિનાકિન શુક્લ, ડાયટ પાચાર્યશ્રી કનુભાઈ પટેલ, આચાર્યશ્રી, શિક્ષકશ્રીઓ અને વિદ્યાર્થીઓ હાજર રહ્યાં હતાં.**

કમલમ્,

**મતદાર યાદી સઘન ખાસ સુધારણા કાર્યક્રમ અંતર્ગત તા. ૨૨.૧૧.૨૫ અને તા. ૨૩.૧૧.૨૫ ના ઇલેક્શન ફોર્મ પરત લેવા માટેના મેગા કેમ્પનું આયોજન કરેલ છે જેમાં ગ્રામ્ય કક્ષાના તમામ સ્ટાફને આ રાષ્ટ્રીય કામગીરી કરવા ECI તરફથી સૂચના મળેલ છે. આ કાર્યક્રમ સફળ બનાવવા તમામ પદાધિકારી અને અધિકારીશ્રીઓએ સક્રિય ભાગ લીધેલ. વડગામ તાલુકામાં સરકાર શ્રીની સુચના મુજબ ગ્રામ્ય લેવલ આરોગ્ય વિષયક કામગીરી કરતા આશા બહેનોએ બી.એલ.ઓ. શ્રી જીતેન્દ્રભાઈ જોષી અને બી. એલ. ઓ. શ્રી આર. ડી. રાઠોડના સંકલનમાં રહી ડો.પ્રકાશ ચૌધરી તાલુકા આરોગ્ય અધિ. શ્રી વડગામના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ ટીમ વર્કમાં કામગીરી કરતા જોવા મળેલ હતા. પાંચડા ગામમાં આ રાષ્ટ્રીય કામગીરી કરતા તમામ સ્ટાફને ગુજરાત પ્રદેશ ભાજપા બક્ષીપંચ મોરચાના પ્રદેશ આમંત્રિત કારોબારી મેમ્બર શ્રી મુકેશભાઇ દરજી, શ્રી દિનેશસિંહ જે. પરમાર મ.પ.હે.સુપર વાઈજર પ્રા.આ.કે. પાંચડાએ બિરદાવી પ્રોત્સાહિત કરેલ હતા.**

# કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનો વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય

## રવિ પાકના વાવેતરને ધ્યાને લઈને ૬ જિલ્લાના ખેડૂતોને આવતીકાલથી ૮ કલાકની બદલે ૧૦ કલાક વીજ પુરવઠો મળશેઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી



કમલમ્,

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા રાજ્યના નાયબ મુખ્ય મંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રીહર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રવિ સિઝનના વાવેતરને ધ્યાને રાખીને આજે કેબિનેટ બેઠકમાં વધુ એક ખેડૂત હિતલક્ષી નિર્ણય કરવામાં આવ્યો છે. નિર્ણય અંગે માહિતી આપતા નાયબ મુખ્ય મંત્રીશ્રીએજણાવ્યું હતું કે, રાજ્યમાં રવિસિઝન દરમિયાન જીરાનું પુષ્કળ વાવેતર થાય છે. જીરાના વાવેતર વાળા વિસ્તારોમાં ખેડૂતોને પિયત માટે આવતીકાલ તા. ૨૦ નવેમ્બર-૨૦૨૫ થી જ ખેતીવાડી ફીડરોમાં ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજ પુરવઠો પૂરો પાડવાનો નિર્ણય લેવામાંઆવ્યો છે. જીરાના વાવેતર વિસ્તારોમાં સિંચાઈ માટે વીજ પુરવઠો વધારે આપવા માટે રાજ્યના જનપ્રતિનિધિશ્રીઓ તથા અનેક ખેડૂતો તરફથીમુખ્યમંત્રીશ્રી સમક્ષ રજૂઆતકરવામાં આવીહતી. આ રજૂઆતોને હકારાત્મક વાચા આપતા આ મહત્વપૂર્ણ નિર્ણય કરવામા આવ્યો છે. જેનો આશરે ૧,૦૬૦ ગામોના ૪૬,૦૦૦થી વધુ ખેતીવાડી ગ્રાહકોને લાભ મળશે, તેમ તેમણે ઉમેર્યું હતું.

વધુમાં નાયબ મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે,જીરાનું વધુવાવેતર ધરાવતા અમદાવાદના વિરમગામ અને માંડલ, મહેસાણાના બેચરાજી, પાટણના સમી, હારીજ, શંખેશ્વર, રાધનપુર અને સાંતલપુર, સુરેન્દ્રનગરના લખતર અને દેસાઇ, વાવ-થરાદના સુઈગામ અને વાવ તેમજ મોરબી જિલ્લાના હળવદ તાલુકાને રાજ્ય સરકારના આ નિર્ણયથીવધુ વીજપુરવઠો મળશે. આ ઉપરાંત દાહોદ જિલ્લાના દાહોદ અને ગરબાડા તાલુકાઓમાં પણ રવિ સિઝન માટે ૮ કલાકના બદલે ૧૨ કલાક વીજ પુરવઠોપૂરો પાડવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના આ બંને તાલુકાના ૧૯૧ ગામોના ૯,૩૫૮ ખેડૂતોને લાભ મળશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

## વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં મહાનગર પરિષદની બેઠક યોજાઈ

**આગામી સમયમાં રાજ્ય સરકાર તમામ નેશનલ-સ્ટેટ હાઈવે અને રેલવે ટ્રેકની આજુ બાજુ ખાલી જગ્યાઓમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપનાં માધ્યમથી વૃક્ષારોપણ કરશેઃ- વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા**

કમલમ્,

વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાની અધ્યક્ષતામાં આજે સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે મહાનગર પરિષદ દ્વારાશહેરીબાગ-બગીચા અને પર્યાવરણ સુધારણા અંગેની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રીઓએ હાજર રહીને પોતાના વિસ્તાર માં કરેલી બાગ-બગીચા અને પર્યાવરણ સુધારણાની કામગીરી અંગે મંત્રીશ્રીને માહિતગર કર્યાહતાં આબેઠકમાંવનઅને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં દરેક વર્ષે મહાનગરપાલિકા-નગરપાલિકા અને વનવિભાગદ્વારા વૃક્ષારોપણ તેમજ નાગરિકોમાં પર્યાવરણના જતન માટેના અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત રાજ્યનું ગ્રીન કવર વધારવા નાગરિકોની સાથે રાજ્ય સરકાર પણ પ્રો-એક્ટીવ રીતે કાર્ય કરી રહીછે. ગુજરાત સહિત સમગ્ર દેશનું ગ્રીન કવર વધારવા માટે તમામ નાગરિકોની ભાગીદારી પણ ખુબ મહત્વની છે, તેમ્તમણે ઉમેર્યું હતું.મંત્રીશ્રીએ બેઠકમાંહાજર તમામ મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગકમિટીનાહોદ્દેદારોનેવૃક્ષોનું જતન વધુમાં વધુ કઈ રીતે કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. આગામીસમયમાં રાજ્યસરકાર તમામ નેશનલ હાઈવે, સ્ટેટ હાઈવેઅને રેલવેટ્રેકની આજુ-બાજુ ખાલી જગ્યાઓમાં પબ્લિક-પ્રાઈવેટ પાર્ટનરશીપની મદદથીવૃક્ષારોપણ કરશે. આ ઉપરાંત 'સ્વજન સ્મૃતિવન' અને 'એક પેડમાં કે નામ' જેવા અભિયાન દ્વારારાજ્યના નાગરિકોમાંવૃક્ષારોપણ માટે વધુને વધુ લોક જાગૃતિ આવે તે દિશામાં કામ કરવા બેઠક કર્મા ઉપસ્થિત તમામ હોદેદારોને મંત્રીશ્રીએ અનુરોધ કર્યોહતો. મંત્રીશ્રીએસ્વભાવના વૃદ્ધાશ્રમની ક્રામગીરી બિરદાવતા જણાવ્યું હતું કે, સોમનાથ, પોરબંદર અનેદેવભૂમિ દ્વારકાના નેશનલ હાઈવની બંને બાજુએ સ્વભાવના એન.જી.ઓ દ્વારા વૃક્ષારોપણનુ અદભૂત કામ કરવામાં આવ્યું છે. વધુમાં, આ એન.જી.ઓદ્વારા વૃક્ષોના જતનનોદર ૧૦૦ટકા જેટલો છે.આ બેઠકમાંઅમદાવાદના મેયર શ્રી પ્રતિમા જૈન, વડોદરાના મેયર શ્રી પિંકીબેન સોની, ડેપ્યુટી મેયરશ્રીઓ અને વિવિધ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રીઓ તેમજ મહાનગર પરિષદનાઅધ્યક્ષ શ્રી ભરતભાઈ ગાજીપરા સહિત પરિષદના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

## ટેકાના ભાવે રાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતો પાસેથી રૂ. ૧,૧૭૭ કરોડના મૂલ્યની ૧.૬૨ લાખ મે. ટનથી વધુ મગફળી ખરીદાઈ

### રૂ. ૧૦,૦૦૦ કરોડના કૃષિ રાહત પેકેજ અંતર્ગત સહાય મેળવવા આજ સુધીમાં ૧૦ લાખથી વધુ ખેડૂતોએ અરજી કરીઃ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

કમલમ્,

કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ચાલી રહેલી ટેકાના ભાવ મહકળીની ખરીદી તેમજ રાજ્ય સરકાર દ્વારાજાહેર કરાયેલા બે કૃષિ રાહત પેકેજ સંદર્ભે ચાલી રહેલી કામગીરીની સમીક્ષા કરીહતી. આ સંદર્ભે પ્રેસ-મીડિયાને માહિતી આપતા નાયબ મુખ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાંરાજ્યના ૭૦,૦૦૦થી વધુ ખેડૂતોપાસેથી રૂ. ૧,૧૭૭ કરોડથી વધુના મૂલ્યની કુલ ૧.૬૨ લાખ મેટ્રિક ટન થી વધુ મગફળીની ખરીદીકરવામાંઆવી છે. સાથે જ, ખેડૂતોને મગફળી ખરીદીના ચૂકવણા પણ સીધા તેમના બેંક ખાતામાં જમા કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. નાયબ મુખ્ય મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ટેકાના ભાવેમગફળીના વેચાણ માટે વધુ વર્ષે રાજ્યના ૯.૩૧ લાખથી વધુ ખેડૂતોએ નોંધણી કરાવી છે, જે ગત વર્ષે થયેલી નોંધણીની અઢી ગણી વધારે છે. ચાલુ વર્ષે મગફળીના મબલખ ઉત્પાદનને ધ્યાને લઈને મુખ્ય મંત્રીશ્રીએ ભારત સરકારને વધુ જથ્થાખરીદી કરવામાટે કરેલી રજૂઆતને પગલે રાજ્યના ખેડૂતો પાસેથી રૂ. ૧૫,૦૦૦ કરોડની મગફળી અને પ્રતિ ખેડૂત ૧૨૫ મણ મગફળીખરીદવાનો ઉદારતમ નિર્ણય કરવામાં આવ્યો હતો. નાયબ મુખ્ય મંત્રીશ્રીએ કૃષિ રાહત પેકેજ અંગે જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે કમોસમી વરસાદને કારણે થયેલી પાકનુકસાનીથી ખેડૂતોને બેઠા કરવા

### સપ્ટેમ્બર-૨૦૨૫ના કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા પણ પાંચ અસરગ્રસ્ત જિલ્લાના ૧.૨૫ લાખ ખેડૂતોએ અરજી કરી

ઐતિહાસિક રૂ.૧૦,૦૦૦ કરોડનું કૃષિ રાહત પેકેજ જાહેર કરવામા આવ્યું છે. જે અંતર્ગત સહાય મેળવવા માટે આજ સુધીમા રાજ્યના કુલ ૧૦ લાખથી વધુ ખેડૂતોએ ફઝઈ મારફત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ કરીછે. આ ઉપરાંત સપ્ટે.ઓ૨-૨૦૨૫માં વરસેલા અતિભારે વરસાદ માં સહાયરૂપથવા રાજ્ય સરકારે પાંચ અસરગ્રસ્ત જિલ્લા માટે રૂ. ૧,૧૩૮ કરોડનુંકૃષિરાહત પેકેજ જાહેર કર્યુંહતું. આપેકેજ અંતર્ગત સહાય મેળવવા માટે પણ આજ સુધીમાં કુલ ૧.૨૫ લાખ જેટલા ખેડૂતોએ ફઝઈ મારફત ઓનલાઈન અરજી કરી છે, તેમ તેમણેઉમેર્યું હતું.અત્રે ઉલ્લેખનીય છે કે, બંને રાહત પેકેજમાં રાજ્ય સરકારેપિયતઅનેબિનપિયત બંને પાકો માટે એક સમાન રૂ. ૨૨,૦૦૦ પ્રતિ હેક્ટર (બે હેક્ટર૨ની મર્યાદામાં) સહાય આપવાનો ઉદારતમ નિર્ણય કર્યો છે. આ ઉપરાંત વાવ થરાદ અને પાટણ જિલ્લામાંજમીન સુધારણા માટે ખાસ કિસ્સામાં ખેડૂતોને રૂ. ૨૦,૦૦૦ પ્રતિ હેક્ટરની સહાય આપવાનો નિર્ણયકરવામાં આવ્યો છે.

## રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં માર્ગોની સ્થિતિ અંગે મુખ્યમંત્રીશ્રીએ સમીક્ષા કરી

**પોતાના પ્રભારી જિલ્લામાં થયેલી સમીક્ષા બેઠક અને સ્થળ-સ્થિતિનો વિગતવાર અહેવાલ આ સપ્તાહના અંત સુધીમાં સુપ્રત કરવામાં આવશેઃ નાયબ મુખ્યમંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રી હર્ષ સંઘવી**

કમલમ્,

રાજ્યના મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગત સપ્તાહે યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં તમામ પ્રભારી મંત્રીશ્રીઓને પોતાના પ્રભારી જિલ્લામાં રાજ્યના માર્ગોની સ્થિતિ અંગે અધિક્ષકશ્રીઓ સાથેસમીક્ષાબેઠક યોજીને સ્થળ સ્થિતિનો વિગતવાર અહેવાલતૈયાર કરવાસૂચના આપી હતી. નાયબ મુખ્ય મંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, મુખ્ય મંત્રીશ્રીએ તમામ પ્રભારી મંત્રીશ્રીઓને તેમના જિલ્લાઓમા રોડની સ્થિતિની ઝીણવટભરી સમીક્ષા કરવા માટે સૂચના આપી હતી. તે અંગે થયેલી કામગીરીની સુમીક્ષા આજની રાજ્ય મંત્રીમંડળનીબેઠકમાં મુખ્ય મંત્રીશ્રી દ્વારા કરવામાં આવી હતી. તમામ પ્રભારી મંત્રીશ્રીઓ દ્વારા તેમના પ્રભારી વિસ્તારમાંસ્થળ ચકાસણી અને સમીક્ષા બેઠકો સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. તેનો વિગતવાર અહેવાલ તા. ૩૦ નવેમ્બર સુધીમાં રજૂ કરવા મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે. જે અનુસંધાને માર્ગોની સ્થિતિ અંગેનો વિગતવાર અહેવાલ આ સપ્તાહના અંત સુધીમાં સુપ્રત કરવામાંઆવશે.

## ગુજરાતને ઇલેક્ટ્રોનિકસ સિસ્ટમ ડિઝાઇન અને મેન્યુફેકચરિંગ-ESDM ક્ષેત્રે હબ બનાવાશે- સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયા

### રાજ્યમાં ઇલેક્ટ્રોનિકસ સપ્લાય ચેઇનમાં રોકાણ-ઇકોસિસ્ટમ વિકાસને વધુ વેગ આપવા મંત્રી શ્રી મોઢવાડિયાના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજાઈ

- **ઇલેક્ટ્રોનિકસમાં 'આત્મનિર્ભર ભારત'ને પ્રોત્સાહનઃ ગુજરાતમાં કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ (ECMS) પર ઉદ્યોગ જગતના અગ્રણીઓ સાથે જોડાણ**
- **નીતિથી ઉત્પાદન સુધીઃ ઉચ્ચ-સ્તરીય મંત્ર ઠેબકો દ્વારા ગુજરાત ઇલેક્ટ્રોનિકસ કમ્પોનન્ટ ઇકોસિસ્ટમના ઝડપી અમલીકરણનો સંકેત**

કમલમ્,

મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતને ઇલેક્ટ્રોનિકસ સિસ્ટમ ડિઝાઇન અને મેન્યુફેક્ચરિંગ-ESDM ક્ષેત્રે વૈશ્વિક હબ બનવવા માટે ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ- ECMS પર વધુ ભાર મુકવામાં આવશે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને સહયોગ આપતી વિશ્વ કક્ષાની ઉત્પાદન ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા માટેરાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધ છે તેમ,સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું. ગુજરાતની ઇલેક્ટ્રોનિકસ સપ્લાય ચેઇનમાં રોકાણ અને ઇકોસિસ્ટમ વિકાસને વધુ વેગ આપવાના ઉદેશ્ય સાથે ઇલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ-EC MS પર ધ લીલા હોટલ, ગાંધીનગર ખાતેસાયન્સ અનેટેકનોલોજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ રાઉન્ડ ટેબલકોન્ફરન્સનું આયોજન કરાયું હતું. વિજ્ઞાનઅને ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ વધુમાં કહ્યું હતું કે, આ સંવાદ સત્રમા ૨ પથી વધુ ECMS ઉદ્યોગ અગ્રણીઓ સહભાગી થયા છે. જેમાંમુખ્યતવે TATAElectronics, Kaynes, CG Semi, GnBS Korea, SyrmaSGS, Epitomem Unitio, અને Mink9 નો સમાવેશ થાય છે. આ પ્લેટફોર્મ ઉદ્યોગ જગતના અગ્રણીઓ, નેતાઓઅને વરિષ્ઠપુરુષોટ્સ વચ્ચે સીધી ચર્ચા સુનિશ્ચિત કરે છે, જે સરકારને વાસ્તવિક ઉત્પાદકતાની જરૂરિયાતો અને પડકારો પર આધારિત નીતિઓને સુધારવા અને પ્રોજેક્ટ ની ઝડપી અમલવારી સુનિશ્ચિત કરવામાટે મદદ કરે છે. મંત્રીશ્રીએ વધુવિગતો આપતા કહ્યું હતું કે, આ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'આત્મનિર્ભર ભારત' મિશન હેઠળ રાષ્ટ્રીય સ્વાવલંબન હાંસલ કરવા માટે ઇલેક્ટ્રોનિકસ કમ્પોનન્ટસના મૂળભૂત મહત્ત્વનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. ઈઝરુજી પર સતત ધ્યાન કેન્દ્રિત કરીને, આ સત્રમાં પેરિવ કમ્પોનન્ટ્સઅને PCBs થીલઈને અદ્યતન સેમિક ન્ડક્ટર મેન્યુફેકચરિંગ સુધીના વિશિષ્ટ અપસ્ટ્રીમ ઉત્પાદકોને આકર્ષવા માટે ગુજરાતની વ્યૂહ રચના પર ભારમૂકવો હતો, જેનાથી ભારતની આયાત પરની નોંધપાત્ર નિર્ભરતા ઘટાડી શકાય. આપહેલથકી મોટા આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા, હજારો ઉચ્ચ-કુશળ નોકરીઓનુ સર્જન કરવા અને ઇલેક્ટ્રોનિક્સ સિસ્ટમ ડિઝાઇન અને મેન્યુફેક્ચરિંગ (ESDM) ક્ષેત્રમાં ગુજરાતને એક મુખ્ય ઉત્પાદન ક્રેટીનેશન તરીકે મજબૂત રીતે સ્થાપિતકરવામાં આવશે. આ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ દ્વારા રોકાણકારોને ગુજરાતમાં રોકાણ કરવાની તકો ઉપલબ્ધ કરવામાં આવી છે તેમ,તેમણે ઉમેર્યું હતું.

સત્રના પ્રારંભમાં ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રોનિક્સ મિશન-GSEMના મિશન ડાયરેક્ટર, શ્રીમતી નેહા કુમારી દ્વારા 'એડવાન્ટેજ ગુજરાત' પર એક વિગતવાર પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું.આ સેગમેન્ટે રાજ્યના મજબૂત નીતિગત વાતાવરણ, માળખાકીય સુવિધાઓની તત્પરતા અને કમ્પોનન્ટ ઉત્પાદકોને આકર્ષવા માટે ખાસતૈયાર કરાયેલાપ્રોત્સાહનો પર પ્રકાશ પાડ્યો હતો. સાયન્સ અને ટેકનોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતી દ્વારા વિશેષ સંબોધનમાં ગુજરાતના મહત્વાકાંક્ષી ઓદ્યોગિક લક્ષ્યો માટે વ્યૂહાત્મક સંદર્ભ નક્કી કરવામાં આવ્યો હતો.

ગુજરાતસ્ટેટ ઇલેક્ટ્રોનિકસ મિશન (GSEM)વિશે :

ગુજરાતસ્ટેટ ઇલેક્ટ્રોનિકસ મિશન (GSEM) એ ગુજરાતમાંઇલેક્ટ્રોનિકસ સિસ્ટમ ડિઝાઇન અને મેન્યુફેક્ચરિંગ (ESDM) માટે રોકાણ, નવીનતાને પ્રોત્સાહન આપવા અને ઇકોસિસ્ટમ વિકસાવવા માટે સમર્પિત નોડલ એજન્સી છે, જે રાજ્યના અગ્રણી વૈશ્વિક ઇલેક્ટ્રોનિકસ ઉત્પાદન હબ બનવાના વિઝનને આગળ ધપાવે છે.

## સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતી: ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એક ભવ્ય પદયાત્રાનું આયોજન

**સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધી આ રાષ્ટ્રીય પદયાત્રા યોજાશેઃ શ્રી હર્ષ સંઘવી**

કમલમ્,

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતીની બે વર્ષ સુધી ધામધૂમથી ઉજવણી કરવાના વડાપ્રધાન શ્રીનરેન્દ્રભાઈ મોદીના નિર્ણયના ભાગરૂપે, ગુજરાતમાં રાષ્ટ્રીય સ્તરે એકભવ્ય પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ પદયાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સરદાર સાહેબના વિચારોને જન-જન સુધી પહોંચાડવાનોછે, જેરાષ્ટ્રીયએકતા અને અખંડિતતાનોમજબૂત સંદેશો આપશે. નાયબ મુખ્ય મંત્રી અને પ્રવક્તા મંત્રી શ્રી હર્ષ સંઘવીએ આ સંદર્ભે વિગતો આપતા કહ્યું કે, સરદાર સાહેબના જન્મસ્થળ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી, કેવડિયા સુધીના રાષ્ટ્રીય પદયાત્રા યોજાશે. ૧૧ દિવસની આ પદયાત્રા ૨૬મી નવેમ્બરથી પમી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે. આ યાત્રા માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ સરદાર સાહેબ દેશને એક તાંતણે બાંધ્યો હતો, તે જ રીતે સૌને એકજૂટ થઈને રાષ્ટ્રના વિકાસમાં સહભાગી થવા માટેની પ્રેરણા છે.

- **૧૧ દિવસની આ પદયાત્રા ૨૬મી નવેમ્બરથી પમી ડિસેમ્બર ૨૦૨૫ સુધી ચાલશે**
- **સરદાર સાહેબના જીવનથી જોડાયેલા વિવિધ પાસાઓ પર પ્રકાશ પાડવા માટે પ્રત્યેક દિવસે એક વિશેષ 'સરદાર ગાથા' નું આયોજન**

શ્રી હર્ષ સંઘવીએ ઉમેર્યું કે, આ ઐતિહાસિક યાત્રામાંદેશના વિવિધ રાજ્યો અને મોટાભાગના તમામ જિલ્લાઓમાંથી યુવાનો જોડાશે. યાત્રાના પ્રત્યેક દિવસે અંદાજે ૧૦ થી ૧૫ હજાર લોકો જોડાઈને સરદાર સાહેબના જીવનના આદર્શો અને સત્કાર્યોથી પ્રેરણા મેળવશે. ૧૧ દિવસની પદયાત્રા દરમિયાન સરદાર સાહેબના જીવનથીજોડાયેલાવિવિધ પાસાઓ પર પ્રકાશપાડવા માટે પ્રત્યેક દિવસે એક વિશેષ 'સરદાર ગાથા'નું આયોજન કરવામાં આવશે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :- Capital Offset Plot No L 801/1, Gide, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028